# <u>પ્રેસનોટ</u>

**<u>સાઉથ ઝોન–એ (ઉધના) વિસ્તારમાં પ્રિ–મોન્સુન કામગીરી અંતર્ગત પસાર થતી ખાડીઓ જેવી કે, મીઠી ખાડી, કાકરા ખાડી તથા ભેદવાડ ખાડીની ખાડી સફાઈ તેમજ તેને સંલગ્ન વરસાદી જાળીયા માર્કિંગ તથા સફાઈની કામગીરીનાં નિરીક્ષણ અન્વયે મા.મેયરશ્રી, ડે.મેયરશ્રી, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી, શાસક પક્ષ નેતાશ્રી તથા સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષશ્રીની વિઝીટ.</u>**

આજ તારીખ ૧૨/૦૬/૨૦૨૪ નાં રોજ મા.મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજનભાઈ પટેલ  તથા મા.ડે.મેયરશ્રી નરેશભાઈ પાટીલ તથા મા. શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રીપાઠી તથા સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના મા.અધ્યક્ષશ્રી વિજયકુમાર ચૌમાલ પદાધિકારીશ્રીઓ દ્વારા તથા સાઉથ ઝોન –એ (ઉધના)નાં ઝોનલ ચીફશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી તથા અધિકારીશ્રીઓ સાથે સાઉથ ઝોન–એ (ઉધના) વિસ્તારમાંથી પસાર થતી ખાડીઓ જેવી કે, મીઠી ખાડી, કાંકરા ખાડી તેમજ ભેદવાડ ખાડીની વિઝીટ કરવામાં આવેલ જેમાં સાઉથ ઝોન–એ (ઉધના)માં કરવામાં આવેલ પ્રિ–મોન્સુનની કામગીરી અંતર્ગત ખાડી સફાઈ, વરસાદી જાળીયા માર્કિંગ તેમજ સફાઈનું નિરીક્ષણ કરેલ. જેમાં પ્રમુખ પાર્ક પાસે આવેલ ભેદવાડ ખાડી પાસે સ્ટ્રોર્મ ડ્રેનેજ જાળીયાનું નિરીક્ષણ તેમજ તેના માર્કિંગનું નિરીક્ષણ કરેલ છે. સાઉથ ઝોન–એ (ઉધના)નાં અધિકારીશ્રીઓ દ્વારા સાઉથ ઝોન–એ (ઉધના) માંથી પસાર થતી કાંકરા ખાડી (૫.૨૩ કિ.મી.) તથા ભેદવાડ ખાડી (૮.૫૦ કિ.મી.) ખાડીને દર્શાવેલ નકશા પર લોકેશન સહિતની વિગતો તથા કરવામાં આવેલ ખાડી સફાઈની કામગીરીથી માહિતગાર કરવામાં આવેલ. તેમજ ખાડી સફાઈની કરેલ કામગીરી કર્યા પહેલાના તથા કામગીરી કર્યા બાદનાં ફોટોગ્રાફ બતાવી ખાડી સફાઈની કરેલ કામગીરી બાબતથી માહિતગાર કરાવેલ. આ ઉપરાંત ખાડી ડ્રેજીંગ / સફાઈ માટે અધ્યતન મશિનરીઓનો ઉપયોગ કરી ખાડી તથા તળાવની સફાઈની કામગીરી કરવામાં આવે તો ખાડીપુરની સમસ્યાનો મહદઅંશે નિકાલ કરી શકાય તેમ છે. જે અન્વયે સાઉથ ઝોન–એ (ઉધના)ની કચેરી દ્વારા પ્રાયોગિક ધોરણે અદ્યતન મશિનરી દ્વારા ખાડી ડ્રેજીંગની કામગીરી કરવામાં આવનાર છે. જે બાબતે ચર્ચા / વિચારણા કરી પદાધિકારીશ્રીઓને માહિતગાર કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ……૭૪…………
તા.૧૨/૦૬/૨૦૨૪